# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૬-A તા. ૧૩-૦૬-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- On Line Nominations for 2023-24 under INSPIRE Award Scheme- MANAK

સંદર્ભ:- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીસીઈઆરટી/વિજ્ઞાન/ઈન્સપાયર/૧૬૨૮૩-૩૧૩, તા. ૦૧-૦૬-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, INSPIRE Award Scheme- MANAK એ ભારત સરકારના Department of Science and Technology, India and National Innovation Foundation - India ના સંયુક્ત ઉપક્રમે અમલીકૃત યોજના વર્ષ ૨૦૦૯-૧૦ થી શરૂ થયેલ છે. આ અન્વયે પ્રતિવર્ષની જેમ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓનલાઈન શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઈન નોમીનેશન પ્રક્રિયા તા. ૦૧-૦૫-૨૦૨૩ થી શરૂ થયેલ છે અને તા. ૩૧-૦૮-૨૦૨૩ ના રોજ બંધ થનાર છે. તો સમય મર્યાદામાં INSPIRE Award Scheme- MANAK માં ભાગ લેવા મહત્તમ રજીસ્ટ્રેશન અને નોમીનેશન ફોર્મ ઓનલાઈન ભરવા જણાવવામાં આવે છે.

આ અન્વયે ધોરણ ૬ થી ૮ ધરાવતી શાળા દ્વારા ૩ (ત્રણ) best original ideas/innovations E-Management of INSPIRE Award Scheme (E- MIAS) web portal (www. inspireawards–dst.gov.in) પર શાળા દ્વારા અપલોડ કરવાના થાય છે. આ યોજના અન્વયે જે વિદ્યાર્થીઓના ideas/innovations પસંદ થાય છે તે વિદ્યાર્થીઓના ખાતામાં રૂા.૧૦૦૦૦/- એવોર્ડ રકમ તરીકે જમા થાય છે જેનો ઉપયોગ મોડેલ તૈયાર કરવા અને જિલ્લા પ્રદર્શનમાં ભાગ લેવા સંદર્ભે પ્રવાસ ખર્ચ માટે કરવાનો રહે છે. જીસીઈઆરટી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતા માસિક અંક જીવન શિક્ષણમાં આ યોજના અંગે અને શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઈન નોમીનેશન પ્રક્રિયા અંગે વિગતો આપવામાં આવેલ છે. જેમાં QR Code માં પ્રક્રિયા અંગેના વિડીયો આપેલ છે તેનો અભ્યાસ કરી ધોરણ ૬ થી ૮ ધરાવતી તમામ શાળાએ ત્રણ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન જણાવેલ સમય મર્યાદામાં કરવાના રહેશે.

તા. ૧૩-૦૬-૨૦૨૩ શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/વિજ્ઞાન/ઇન્સપાયર/ 16263-313
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 01 -05 -2023

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિ.શિ.તા.ભવન, તમામ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય: **On Line Nominations for 2023-24 under INSPIRE Award Scheme – MANAK**
સંદર્ભ: **1.** DST, New Delhi Letter, dated- 01/06/2023.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે INSPIRE Award Scheme – MANAK એ ભારત સરકારના Department of Science and Technology, India and National Innovation Foundation-India ના સંયુક્ત ઉપક્રમે અમલીકૃત યોજના વર્ષ ૨૦૦૯ – ૧૦ થી શરૂ થયેલ છે. આ અન્વયે પ્રતિવર્ષની જેમ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓન લાઇન શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઇન નોમીનેશન પ્રક્રિયા ૦૧/૦૫/૨૦૨૩ થી શરૂ થયેલ છે. અને તા. ૩૧/૦૮/૨૦૨૩ના રોજ બંધ થનાર છે.

આ અન્વયે ધોરણ ૬ થી ૮ ધોરણ ધરાવતી શાળા દ્વારા ૩ અને ધોરણ ૯ -૧૦ ધરાવતી શાળા દ્વારા ૨ best original ideas/ innovations E-Management of INSPIRE Award Scheme ( E-MIAS) web portal ( www. inspireawards-dst.gov.in ) પર વિદ્યાર્થી/ શાળા દ્વારા અપલોડ કરવાના થાય છે. આ યોજના અન્વયે જે વિદ્યાર્થીના original ideas/ innovations પસંદ થાય છે તે વિદ્યાર્થીના ખાતામાં રૂ. ૧૦૦૦૦ એવોર્ડ રકમ તરીકે જમા થાય છે જેનો ઉપયોગ મોડેલ તૈયાર કરવા અને જિલ્લા પ્રદર્શનમાં ભાગ લેવા સંદર્ભે પ્રવાસ ખર્ચ માટે કરવાનો રહે છે. તમામ ડાયટ પાસે શાળા રજીસ્ટ્રેશન અને નોમીનેશન પ્રક્રિયા અંગેની ગાઇડલાઇન ઉપલબ્ધ છે. શાળાઓને આ સંદર્ભે જરૂરી માર્ગદર્શન ડાયટ- જિલ્લા નોડલ અધિકારી દ્વારા મળશે.

આ અન્વયે ડાયટ તાલુકા લાયઝન દ્વારા દર ૧૦ દિવસે એસવીએસ અને બીઆરસી સાથે સંકલન કરી કેટલી શાળાઓનું નોમીનેશન થયુ અને કેટલી શાળાઓ બાકી તે અંગેની વિગતોની નોંધ કરવાની રહેશે. ડાયટના આ કામગીરી સાથે સંકળાયેલ જિલ્લા નોડલ અધિકારીએ તાલુકા લાયઝન સાથે આ તમામ બાબતોનું સંકલન કરવાનું રહેશે.



વિજ્ઞાન-ગણિત શાખા

આ સંદર્ભે આગામી સમયમાં જીસીઇઆરટી કક્ષાએથી ઓનલાઇન મીટીંગનું આયોજન કરી રીવ્યુ કરવામાં આવશે.

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લઇ ડાયટ દ્વારા પ્રાચાર્યશ્રી, ડીઇઓશ્રી, ડીપીઇઓશ્રીની સંયુકત સહીથી તમામ એસવીએસ કન્વીનર/ ટીપીઇઓ/ બીઆરસી/સીઆરસી તથા તમામ શાળાઓને સમયમર્યાદામાં મહત્તમ નોમીનેશન કરવા સંદર્ભે જાણ કરવા જણાવવામાં આવે છે.જીસીઇઆરટી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતા માસિક અંક જીવન શિક્ષણમાં પણ આ યોજના અંગે અને શાળા રજીસ્ટ્રેશન અને ઓનલાઇન નોમીનેશન પ્રક્રિયા અંગે વિગતો આપવામાં આવેલ છે. જેમાં QR Code માં પ્રક્રિયા અંગેના વીડીઓ પણ આપેલ છે જે આપને મદદરૂપ થશે. તમામ ડાયટ દ્વારા તમામ એસવીએસ કન્વીનર/ ટીપીઇઓ/ બીઆરસીને સંયુકત સહીથી પત્ર દ્વારા જાણ કરવા જણાવવામાં આવે છે.

આભાર સહ,

1/6/2023

(ડી એસ.પટેલ)
નિયામક,
જીસીઇઆરટી, ગાંધીનગર.

o/c ..Patel.. 01/06/23.

નકલ રવાના જાણ સારૂ:

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર.
- Dr. Vipin Kumar, Director, NIF- Gandhinagar.